# આકાશવાણી ભુજ

**સમાચારવાચક:** જાગૃતિ વકીલ

**કમ્પ્યુટરરાઈઝ** : અમૃતા સીજુ

તારીખ :૨૨-૦૮-૨૦૨૪ સમય: સાંજે :૦૬.૨૫

## ગુજરાત વિધાનસભા બીજો દિવસ

ગુજરાત વિધાનસભા ગૃહની બીજા દિવસના સત્રની કાર્યવાહીનો પ્રારંભ ટૂંકી મુદ્દતના પ્રશ્નો સાથે થયો હતો. આજે ગૃહની કાર્યવાહી શરૂથતાંની સાથે જ કોંગ્રેસ નેતા અમિત ચાવડા પોઇન્ટ ઓફ ઓર્ડર માટે ઉભા થયા હતા. આજના સત્રમાં જે બે ટૂંકી મુદતનાં પ્રશ્નો દાખલ કરવામાં આવ્યા તે બંને ભાજપના હતા.સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરવા દરખાસ્તકર્યા બાદ તેમને આજનાં દિવસની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તો કોગ્રેસ નાં ધારાસભ્યોએ ગૃહ માંથી બેઠક આઉટ કર્યુબ હતું આવતીકાલે ગૃહમાં ગુજરાત માલ અને સેવા સુધારા વિધેયક તથા ગુજરાત નશાબંધી સુધારા વિધેયક પર ચર્ચા થશે.

REGIONAL NEWS

---

## પીએમ પોલેન્ડ પ્રવાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોલેન્ડમાં ભારત અને પૉલેન્ડ વચ્ચે જામસાહેબ મેમોરિયલ યૂથએક્સચેન્જ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે, જે અંતર્ગત પૉલેન્ડના 20 વિદ્યાર્થીઓ પ્રતિવર્ષભારતની મુલાકાત લેશે અને ભારતના સાંસ્કૃતિક વારસા વિશે માહિતી મેળવશે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની પૉલેન્ડ યાત્રા દરમિયાન વાર્સો શહેરમાં જામનગરના જામસાહેબ દિગ્વિજયસિંહના 'ગુડ મહારાજા સ્કેવર સ્મારક' ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણેપૉલેન્ડ અને જામનગરના સંબંધોને યાદ કરતા જણાવ્યું કે, જામનગર જામ સાહેબનો અપાર પ્રેમ તેમની ઉપર છે. ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્વીટ કરી આ મુલાકાતને આવકારતા જણાવ્યું કે કે ભારત અને પોલેન્ડનાં સંબધોમાં ગુજરાત ની ભૂમિકા ઈતિહાસના પાનામાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે. આજે રાત્રે પ્રધાનમંત્રી શ્રી મોદી ખાસ રેલ ફોર્સ ટ્રેન દ્વારા યુક્રેન જવા રવાના થશે.

REGIONAL NEWS

---------------------------------------------------------------------------------------------------

# ભુજ મેળાની તૈયારી

કચ્છમાં સાતમ આઠમના વિવિધ સ્થળોએ મેળાઓ યોજાતા હોય છે ત્યારે જીલ્લા મથક ભુજના હમીરસર તળાવના  કાંઠે પરંપરાગત લોકમેળો પણ યોજાશે જેને લઇને ભુજ નગરપાલિકા દ્વારા સ્ટોલ સહિતની વ્યવસ્થાનો કોન્ટ્રાકટ ખાનગી પાર્ટીને સોંપવામાં આવ્ છે. 25 અને 26મી ઓગસ્ટના લેકવ્યુ હોટલથી મંગલમ ચાર રસ્તા અને ખેંગાર બાગ સુધી આ લોકો મેળો યોજાશે. મેળામાં ખાણીપીણી, ગૃહ સુશોભનથી લઇને વિવિધ વસ્તુઓના સ્ટોલ, બાળકો માટે મનોરંજનના સ્ટોલ અને ચકડોળો મેળામાં આકર્ષણ ઉભું કરશે. આ વખતે મેળામાં 300 જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. મેળાને માણવા માટે ભુજ અને તેની આજુબાજુના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે.

પરેશ મારૂ

-----------------------------------------------------------------

# ગંગા સ્વરૂપા સહાય યોજના બાઈટ : અવની રાવલ

રાજ્ય સરકારની મહિલા અને બાળ કલ્યાણની વિવિધ યોજનાઓ અંતર્ગત મહિલા સશક્તિકરણની સાથે તેમના શિક્ષણ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આવી જ એક મહત્વની 'ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક સહાય યોજના' હેઠળ 18 વર્ષ કે તેથી વધુ ઉમરની વિધવા બહેનોના આર્થિક સ્વાવલંબનના હેતુથી માસિક રૂપિયા 1250ની સહાય તેમના પોસ્ટ ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. આ યોજના અંગે માહિતી આપતા જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલે આ પ્રમાણે જણાવ્યું હતું.

પરેશ મારૂ

---------------------------------------------------------------------

# અદાણી ગ્રુપ ગોલ્ડ એવોર્ડ

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અને વૈવિધ્યસભર અદાણી સમૂહનું એક અંગ અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિ.(APSEZ) ગુણવત્તાની બાબતમાં

પણ મોખરે છે. તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજીત કન્વેન્શન ઓન ક્વોલિટી કોન્સેપ્ટ્સ 2024માં મુંદ્રા પોર્ટને સર્વોચ્ચ ગોલ્ડ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

મુંદ્રા પોર્ટેની ટીમ 13 ગોલ્ડ અને 2 સિલ્વર ટ્રોફી મેળવી અવ્વલ રહી છે. ગર્વની બાબત એ પણ છે કે APSEZ મુન્દ્રાને સૌથી વધુ ભાગીદારીઅને & જ્યુરી મેમ્બર તરીકેના યોગદાન માટે વ્યક્તિગત પુરસ્કારો પણ મળ્યા છે. જેમાં વિવિધ ઉધોગોના 300 થી વધુ વ્યાવસાયિકોની 70 થી વધુ ટીમોએ ભાગ લીધો હતો.  અત્રે ઉલેખનીય છેકે મુન્દ્રા પોર્ટ જહાજો માટે સૌથી ઝડપી ટર્ન અરાઉન્ડ સમયનો રેકોર્ડ ધરાવે છે.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------------------------------